ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

અંકોની વ્યાખ્યા
કેવી વિચિત્ર છે !
જ્યારે કમાવા જઈએ
ત્યારે
૧ કરતાં ૨ મોટો ગણાય
અને જ્યારે
સ્પર્ધામાં હોઈએ
ત્યારે
૨ કરતાં ૧ મોટો ગણાય !

## જન્મદિને વધામણી



દિલીપસિંહ અજીતસિંહ બિહોલા
એડાવોકેટ



દિલીપ પ્રજાપતિ
પત્રકાર
દિવ્ય ભાસ્કર, ગાંધીનગર
મો. ૯૭૨૫૬ ૪૭૧૯૭



કોકિલાબેન ડી શાહ
મો. ૯૪૦૮૭ ૮૩૪૯૭



પાર્શ્વ અમિતભાઈ પટેલ
મો. ૯૪૨૭૦ ૫૪૦૧૩

### ૩ ડિસેમ્બર, ૨૦૧૭ ને રવિવારે

# બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮ ખાતે સર્વ રોગ નિદાન - રક્તદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૮

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય સેકટર.૨૮, ગાંધીનગર ખાતે આગામી તા.૩ ડિસેમ્બર, ૨૦૧૭ રવિવારે સવારે ૮.૦૦થી બપોરના ૧૨.૩૦ સુધી ‘‘સર્વ રોગ નિદાન કેમ્પ’’ તથા ‘‘રક્તદાન શીબીર’’નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં (૧) ફિઝીયોથેરાપીસ્ટ ડૉ.યજ્ઞેશ ત્રિવેદી, ડૉ.હાર્દિક તલાટી, ડૉ.મેશ્વા ત્રિવેદી, ડૉ.ધર્મિષ્ઠા પટેલ, ડૉ.દિપાંજલી પટેલ, ડૉ.પરેશ વણકર, (૨) ઓર્થોપેડિક ડૉ.બિમલ મોદી, (૩) આઈ સ્પેશીયાલીસ્ટ ડૉ.ચતુર પટેલ, (૪) ડેન્ટીસ્ટ ડૉ.મહેન્દ્ર ચૌધરી, (૫) આયુર્વેદિક નિષ્ણાત ડૉ.રાજેન વસોયા અને (૬) હોમિયોપેથી નિષ્ણાંત ડૉ.અમી પટેલ અને ડૉ.નિરવ ઠાકર તેમની સેવાઓ આપશે. જયારે (૭) રક્તદાન શીબીર માટે ગાંધીનગર સીવીલ હોસ્પિટલની ટીમ તેમની સેવાઓ આપશે. બ્રહ્માકુમારીઝ, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના પ્રથમ અંગ્રેજી પાક્ષિક - ‘તસવીરે ગાંધીનગર’, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, કૌશલ ગૃપ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ સર્વ રોગ નિદાન કેમ્પનો લાભ લેનાર ભાઈ બહેનોએ ફિઝીયોથેરાપી/ ઓર્થોપેડીક/ આંખ/ દાંત/ આયુર્વેદિક/ હોમિયોપેથીના નિદાન માટે પોતાના નામ બી.કે.રાજુભાઈને મોબાઈલ નં:૯૯૭૯૮ ૬૬૭૭૭ અથવા બી.કે.ભરત શાહને ૯૮૨૪૬ ૧૯૫૪૧ પર સત્વરે નોંધાવવા આયોજકો તરફથી વિનંતી કરવામાં આવી છે.

# ગાંધી મિત્ર વર્તુળ અને ત્રિદલ દ્વારા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગર અને ત્રિદલ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગાંધી જયંતિ-૨૦૧૭ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા કૉલેજના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધાના વિષયો ગાંધીજીવન સંદર્ભે રાખવામાં આવ્યા હતા, જેની જાણ વિદ્યાર્થીઓને અગાઉથી કરવામાં આવી હતી. કૉલેજ વિભાગના તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે તેમની કક્ષા પ્રમાણે વિષયોની પસંદગી કરવામાં આવી હતી. કૉલેજ કક્ષા અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે રૂપિયા ૫૦૦, ૩૦૦ અને ૨૦૦નું, એમ વિભાગવાર કુલ રૂપિયા બે હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું.

તાજેતરમાં ગાંધી મિત્ર વર્તુળ તથા ત્રિદલની માસિક બેઠકમાં ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના વરદ હસ્તે ઈનામની રકમ, અભિવાદન પત્ર અને ‘ગાંધીજીની કહાણી’ પુસ્તક ઈનામ વિજેતા વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવ્યું હતું. આયોજક બંને સંસ્થાના સભ્યો અને પ્રબુદ્ધ નગરજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે

# ‘‘શ્રીમદ્ ભગવદ્ગીતા’’નું મહત્ત્વ વિદ્યાર્થીઓ સમક્ષ ઉજાગર કરાયું



સતપ્રેરણા તથા લેકવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ‘‘શ્રીમદ્ ભગવદ્ગીતા’’નું મહત્વ સમજાવતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૫ થી ૧૨ સુધીના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગા લીધો હતો. આ કાર્યક્રમમાં શ્રીમદ્ ભાગવત ગીતા વિશેની સંપૂર્ણ માહિતી બાળકોને આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે પ્રશ્નોત્તરી કરી વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા તથા ઉપસ્થિત સર્વે વિદ્યાર્થીઓને ‘‘શ્રીમદ્ ભાગવત ગીતા’’ પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરના યુવાન દ્વારા મધર ટૅરેસાને ચિત્રાંજલિ



‘૪૨ સેમી બાય ૨૯.૭ સેમીના આ ચિત્રને બનાવતાં મને ૨૦ કલાક જેટલો સમય લાગ્યો. કારણ કે મારે આ ચહેરામાં જે ભાવ ઉપસાવવા હતા તે માટે ચીવટ જરૂરી હતી.’ આ શબ્દો છે ગાંધીનગરના સૅક્ટર-૨૯માં રહેતા ઍન્જિનીયરિંગ સ્ટુડન્ટ શિવમ સુથારના, જેમણે મધર ટૅરેસાનું આ સુંદર ચિત્ર સર્જ્યું છે. આ ચિત્રનું સર્જન એ સેવાવિભૂતિ મધર ટૅરેસાને અંજલિ છે, એમ શિવમે વધુમાં જણાવ્યું છે.





જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે ગુજરાત રાજ્ય સંગીત નટક અકાદમીના સહયોગથી ‘સપ્તપદીનાં સાત વચન’ નાટક જાણીતા નાટ્યકાર જયશ્રી પરીખ અને પિન્કી પરીખ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રકાશ લાલા, કૌશલ્યાબેન પરીખ, લતાબેન ચોકસી અને ડૉ. ચેતના બુચ દ્વારા દિપ પ્રાગટ્ય કરી નાટકન પ્રથમ શોના શ્રીગણેશ કરવામાં આવ્યા હતા. ૧૨૦૦થી વધુ બહેનોએ આ મનોરંજક નાટકને માણ્યું હતું. મંડળ દ્વારા મતદાર જાગૃતિનો સંદેશ ફેલાવતાં બહેનોને બહોળી સંખ્યામાં મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.



ઍસ વી અને ઍસ જી પ્રાથમિક શાળાના ધો. ૧ના વિદ્યાર્થીઓએ ગાંધીનગર શહેરમાં સ્થિત વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી. ધોરણ-૧ એ, બી, સી, ડી, ઈ, એફ એમ બધા જ વર્ગોના કુલ ૩૬૦ વિદ્યાર્થીઓએ શહેરના ચર્ચ, મસ્જિદ, અક્ષરધામ, ઐયપ્પા મંદિર, ગાયત્રી મંદિર, ઝૂલેલાલ મંદિર, જલારામ મંદિરની મુલાકાત લીધી હતી અને આ ધાર્મિક સ્થળો વિશે માહિતી મેળવવાનો યત્ન કર્યો હતો. વર્ગશિક્ષકો પણ આ મુલકાત દરમિયાન વિદ્યાર્થીઓની સાથે તેમના ગાઈડ બનીને રહ્યા હતા.

# રાજ્યનાં બાળકોનાં પ્રોટોટાઈપને નીતિ આયોગની સહાય

ગાંધીનગર, તા. ૨૮

નિતી આયોગ દ્વારા અટલ ટેન્કરીંગ લેબના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને અભ્યાસના પાસાને પ્રોત્સાહન મળે, તે હેતુથી દેશના ૩૦ બાળકોને પોતાના પ્રોટોટાઈપ દર્શાવાની તક આપી હતી. ૨૦ થી ૨૨ નવેમ્બર દરમિયાન દિલ્હી યુનિવર્સિટી ખાતે તેનો ખાસ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં આ બાળકોને પોતાના પ્રોટોટાઈપને પ્રોડક્ટમાં રૂપાંતરીત કરવા માટે તાલીમ પણ આપવામાં આવી હતી. ચંદીગઢ, દિલ્હી, બેંગ્લોર, રાઈપુર, જોધપુર, ગોવાહાટી, વાઈઝેગ, ત્રિવેન્દ્રમ અને પોર્ટબ્લેઈરના વિદ્યાર્થીઓ સાથે અમદાવાદના બેસ્ટ સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓનું નેતૃત્વ શહેરના માધીશ પરીખે કર્યુ હતું. તેમના નેશનલ શોકેસમાં રજૂ થયેલાં ૩ પ્રોજોક્ટમાંથી બે પ્રોજેક્ટ ટોપ ટેન પ્રોજેક્ટમાં પસંદગી પામ્યા હતાં. તેમજ એક પ્રોજેક્ટ બે વિદ્યાર્થીઓની ટીમે તૈયાર કરવાનો હતો. જે બંને ટીમને પોતાના પ્રોજેક્ટની પ્રોડક્ટ તૈયાર કરવા માટે પચાસ પચાસ હજારનું પુરસ્કાર તેમજ ગોલ્ડ મેડલ આનેયત કરવામાં આવ્યા હતાં.

આદિત્ય રાજપુત અને નેમિલ શાહે સ્માર્ટ લોક બનાવ્યુ છે, જેમાં લાઈસન્સ ઈન્સર્ટ કર્યા પછી જ લોક ખુલે. લાઈસન્સ ચાવીનું કામ કરે, તે ઉપરાંત ડ્રાઈવરના ફોનમાં એક મોબાઈલ એપ્લિકેશન હોય જે, આ લાઈસન્સ સાથે જોડાયેલી હોય એટલે કોઈ ખોટુ કાર્ડ વાહનમાં ઈન્સર્ટ કરે તો ડ્રાઈવરના ફોનમાં એસએમએસ આવે. તેમાં આગામી સમયમાં લોકેશન ટ્રેકીંગ, ફિંગરપ્રિન્ટ રેકગ્નીશન, હેલમેટ કન્ફર્મેશન સીસ્ટમ જેવી બાબતો ઉમેરાશે. રોહન નવાથે અને વંદીત કાપકરે અલ્ટ્રાસોનિક સેન્સરથી પાણીના ભરાવાને દૂર કરતુ સાધન બનાવ્યુ છે.

ચોમાસામાં જ્યારે પાણીનો ભરાવો થાય અને ઠેર ઠેર પાણી ઉભરાય ત્યારે આ અલ્ટ્રા સોનિક સીસ્ટમ અલગ અલગ જગ્યાએ પાણીની સપાટી પર ધ્યાન રાખે, એક અલ્ટ્રાસોનિક સેન્સરવના આધારે ઘણી માહિતી મેળવી શકાય અને તેના અંતર અને સપાટી સહિતની માહિતી વેબ સર્વર સુધી પહોંચાડી શકાય, જેનાથી સર્વરમાં એક ગ્રાફ તૈયાર થાય, જે વ્યવસ્થા તંત્રને ડ્રેઈનેજ સીસ્ટમ સુસજ્જ રાખવા પહેલાથી જ સૂચના આપીને તૈયારીમાં રાખી શકે. આ સેન્સર સોલર પાવરથી ચાલે. તે કોઈ વયવસ્થા તંત્રના કર્મચારીઓ કે વ્યક્તિગત રીતે કોઈ પણ વાપરી શકે.

# એ યુવાને જીજ્ઞાસાપૂર્વક પૂછ્યું , જીવન આટલું જટીલ કેમ થઈ ગયું છે ?



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કલમ, કલા અને ક્રાંતિના ભવ્ય વારસાથી જ કોલકતા શહેર ઓળખાય. ૧૮મી સદીના કોલકતા શહેરની વાત છે. કોલકતા ભારતની સાંસ્કૃતિક રાજધાની તરીકે પણ વિશ્વભરમાં જાણીતું છે. અનોખી ઉજવણીઓના સાક્ષી કોલકતાના પ્રત્યેક પરાં રહ્યાં છે. કોલકતાના દરેક પરાની એક આગવી ઓળખ છે. ૧૮મી સદીના ઉતરાર્ધમાં કોલકતામાં કોટીસ ચર્ચ કોલેજના શિક્ષણ અને શિક્ષકોની ખૂબ બોલબાલા. ડો. વિલિયમ હેસ્ટી કોલેજના પ્રિન્સિપલ. એક દિવસ સવારની સેસનમાં પ્રિન્સિપલ હેસ્ટી તેમના ક્લાસમાં વડ્ઝવર્થની ‘ધ એક્સરસન’ કવિતામાં ઉલ્લેખ કરવામાં આવેલા ‘ટ્રાન્સ’ શબ્દની ચર્ચા કરતાં હતાં ‘ટ્રાન્સ’નો સામાન્ય અર્થ ધ્યાન થાય. ડો. વિલિયમ હેસ્ટીએ એ વખતે કહ્યું કે, ‘ટ્રાન્સ’ શબ્દની સાચી અને ચોંટદાર સમજ દક્ષિણેશ્વરના રામકૃષ્ણ જેવી કોઈ ન આપી શકે.

પ્રિન્સિપાલ હેસ્ટીની આ વાત ક્લાસમાં બેઠેલા વિર્દ્યાઓથીઓ પૈકી નરેન્દ્રનાથ દત્ત સહિત કેટલાક વિદ્યાર્થીઓને જબરજસ્ત રીતે મગજમાં ઉતરી ગઈ. ત્યારબાદ થોડા જ સમયમાં ૧૮૮૧ના અરસામાં સુરેન્દ્રનાથ મિત્રાના ઘરે રામકૃષ્ણ પરમહંસની એક ચર્ચા બેઠક યોજાઈ. આ ચર્ચા બેઠકમાં નરેન્દ્રનાથ દત્ત પણ હતા. યુવાન નરેન્દ્રનાથનો અવાજ ગહેરો, પહાડી અને સુરીલો. રામકૃષ્ણ પરમહંસની બેઠકમાં નરેન્દ્રનાથને ગીત રજૂ કરવા કહેવામાં આવતા નરેન્દ્રનાથે સુરીલા અવાજમા એક મઝાનું ગીત પ્રસ્તુત કર્યું. રામકૃષ્ણ પરમહંસ નરેન્દ્રનાથના આ ગીતને સાંભળીને પ્રભાવિત થઈ ગયા. એમણે નરેન્દ્રનાથને દક્ષિણેશ્વર આવવાનું નિમંત્રણ આપ્યું. નરેન્દ્રને તો ‘ભાવતુ હતુ અને વૈદે કહ્યું’ એવો ઘાટ થયો. એના મગજમાં પ્રિન્સિપલ હેસ્ટીની વાત સતત ઘુમરાતી હતી. એણે તરત જ રામકૃષ્ણ પરમહંસનું દક્ષિણેશ્વર આવવાનું નિમંત્રણ સ્વીકારી લીધું.

થોડાક જ દિવસોમાં આ યુવાન દક્ષિણેશ્વર પહોંચી ગયો. જ્યારે નરેન્દ્રનાથ દક્ષિણેશ્વર ગયો ત્યારે એના યુવા માનસમાં રામકૃષ્ણ પરમહંસને મળવા પાછળ અને વાત કરવા પાછળ વડ્ઝવર્થની કવિતામાં પ્રયોજાયેલા ‘ટ્રાન્સ’ શબ્દની ચર્ચાની અભિલાષા હતી. એ વખતે આ સિવાય અન્ય કોઈ બીજો ખાસ હેતુ જ નરેન્દ્રનાથના મનમાં ન હતો. આમ તો નરેન્દ્રનાથ ખૂબ પ્રતિભાશાળી, પ્રબુદ્ધ પરંતુ નાસ્તિક પ્રકૃતિનો યુવાન. દક્ષિણેશ્વરમાં જઈને પહેલા તો એણે વડ્ઝવર્થની કવિતાના સંદર્ભમાં ચર્ચા કરી. નરેન્દ્રનાથની રામકૃષ્ણ પરમહંસ સાથેની આ પહેલી મુલાકાતમાં કોઈપણ પ્રકારનો પ્રગાઢ સેતુ રચાયો ન હતો પરંતુ, એક વાત ચોક્કસ હતી કે, ૧૮૮૨નું એ વર્ષ નરેન્દ્રનાથના જીવનમાં ‘ટર્નિંગ પોઈન્ટ’ તરીકે દુનિયા આખી જોઈ રહી છે. મુલાકાતોના દોર વધતાં ચાલ્યાં. રામકૃષ્ણ પરમહંસે આ નાસ્તિક યુવાન નરેન્દ્રનાથ દત્તના જીવનને આધ્યાત્મિક ચેતના અને જ્ઞાનથી નવતર ઓપ આપવાનું શરૂ કર્યું. એમ કહી શકાય કે, નરેન્દ્રનાથ દત્તમાંથી સ્વામી વિવેકાનંદની યાત્રાનો ૧૮૮૨ના વર્ષથી આરંભ થયો.



જીવનનો મર્મ સમજાવતા રામકૃષ્ણ પરમહંસજીની અલભ્ય તસવીર સાથે વિવેકાનંદજીની મઠના સાથીઓ સાથેની દુર્લભ તસવીર.

એક સમયની વાત છે. સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસને સાહજિકતાથી પ્રશ્ન પૂછ્યો કે, ‘સારા લોકોના જીવનમાં જ દુઃખના ઘનઘોર વાદળાં કેમ ઘેરાય છે ? ‘ રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને ખૂબ સરળતાથી જીવનની ફિલોસોફીને સમજાવતાં કહ્યું હતું કે, ‘ હીરો ચારે બાજુથી અલગ અલગ રીતે ઘસાઈને અદભુત ચમક મેળવે છે. સોનાને પણ શુદ્ધ બનવા માટે ભયંકર આગની ભઠ્ઠીમાં તપવું પડે છે. સારા લોકોને દુઃખ નથી આવતું પરંતુ આ લોકો આ પરીક્ષામાંથી પસાર થઈને, અનુભવોનું ભાથું બાંધી, તેમનું જીવન વધુ સમૃદ્ધ અને રળિયામણું બનાવતાં હોય છે. આવા લોકો દુઃખથી ડરતા નથી. દુઃખનો મુકાબલો કરી એમાંથી માર્ગ કાઢીને આગળ વધે છે. કિસ્મતને કોસવાથી જીવન કષ્ટમય જ બને છે. ’

સ્વામી વિવેકાનંદે સમયાંતરે પુછેલા પ્રશ્નોના રામકૃષ્ણ પરમહંસજીએ આપેલા ઉત્તરો જીવનઘડતર માટેના મુલ્યવાન સૂત્ર બની ગયા છે.

પ્રશ્ન - જીવન આટલું જટીલ કેમ થઈ ગયું છે ?
ઉત્તર - જીવનમાં શું ભલું અને શું બુરું એનું વિશ્લેષણ કરવાનું બંધ કરી દો, જીવનને માત્ર જીવો.
પ્રશ્ન - આપણે દુઃખી કેમ હોઈએ છીએ ?
ઉત્તર - દુઃખી હોવું, અને બતાવવું એ બે બિલકુલ ભિન્ન બાબત છે.
પ્રશ્ન - સમસ્યાઓ આવે ત્યારે ખબર નથી પડતી આપણે કઈ બાજુ જઈ રહ્યા છીએ ?
ઉત્તર - સમસ્યાના સમયે બહાર ફાંફા મારવાથી માર્ગ મળે જ નહીં, અંતરમાં ડોકીયું કરવું જોઈએ તરત જ રાહ મળશે.
પ્રશ્ન - સફળતાની અને સંતોષની પરિભાષા શું છે ?
ઉત્તર - સફળતાની પારાશીશી દુનિયા નક્કી કરે છે જ્યારે સંતોષની માત્રા આપણે સ્વયં નક્કી કરતાં હોઈએ છીએ.
પ્રશ્ન - જીવનનો સંપૂર્ણ સંતોષ શો છે ?
ઉત્તર - જે મેળવ્યું છે એનો સંતોષ રાખવો અને જે નથી મેળવ્યું એની ગણતરી માંડવાની મૂકી દો.
પ્રશ્ન -ફરિયાદના સ્વરૂપ કેવા અને કેટલા છે ?
ઉત્તર - આપણે કષ્ટમાં ફરિયાદો કરીએ છીએ કે, ‘ હું જ કેમ ? ‘ અને સુખમાં બીજાને યાદ પણ નથી કરતાં. સૌથી સ્પષ્ટ આ જ સ્વરૂપ છે.
પ્રશ્ન - જીવનનું તાત્પર્ય શું છે ?
ઉત્તર - જીવનમાં કોઈપણ પ્રાર્થના બેકાર નથી જતી. જીવન એક રહસ્ય છે, અને આ રહસ્ય ઉકેલવાનું છે. જીવન એ કોઈ સમસ્યા નથી, કે તમારે એનુ સમાધાન કરતા રહેવાનું હોય.
પ્રશ્ન - જીવનનો અર્થ શો છે ?
ઉત્તર - જીવન અતિ સંભાવનાઓથી ભરેલું આશ્ચર્યજનક અને સુખદ તત્ત્વ છે.

જાન્યુઆરી તારીખ ૧, ૧૮૬૩માં જન્મેલા નાસ્તિક પ્રકૃતિના નરેન્દ્રનાથ દત્ત આગળ જતાં સ્વામી વિવેકાનંદના નામે એક મેધાવી હિન્દુસ્તાની સંત તરીકે વિશ્વભરમાં જાણીતા બન્યા. રામકૃષ્ણ મઠ, રામકૃષ્ણ મિશન અને વેદાંત સોસાયટીના પાયા નાખનાર અને ૧૮૯૩માં શિકાગોમાં વિશ્વ ધાર્મિક સંમેલનની સભા ગજવનાર સ્વામી વિવેકાનંદના દસ ચોંટદાર વિચારો ઉપર દેશ - વિદેશોમાં ખુબ ચર્ચાઓ થઈ છે અને એ વિચારો ઉપર થોકબંધ પૃથ્થકરણો થયાં છે.

- ભણવા માટે એકાગ્રતા જરૂરી, એકાગ્રતા માટે ધ્યાન જરૂરી અને ધ્યાનથી ઈંદ્રિયો ઉપર સંયમ કેળવાય છે અને એના દ્વારા એકાગ્રતાના પાઠ મળે છે.
- જ્ઞાન સ્વયં વર્તમાન છે. મનુષ્ય માત્ર એનો આવિષ્કાર કરે છે.
- ઊઠો જાગો અને ત્યાં સુધી ન અટકો કે જ્યાં સુધી લક્ષ પ્રાપ્ત ન થાય.
- જીવો ત્યાં સુધી શિખો, અનુભવ જ આ જગતનો સર્વશ્રેષ્ઠ શિક્ષક છે.
- મિત્રતા, ધૈર્ય અને ઉદ્યમ આ ત્રણ ગુણ એક સાથે અને એક સમાન હોવા જરૂરી છે.
- લોકો ટિકા કરે કે પ્રશંસા લક્ષ્યથી ચલિત ન થવું.
- જે કામ જ્યારે કરવાનું નક્કી કરો ત્યારે એ કામ થવું જ જોઈએ.
- જ્યાં સુધી તમે તમારા ઉપર વિશ્વાસ ન કરી શકો ત્યાં સુધી ભગવાન ઉપર વિશ્વાસ નથી કરી શકાતો.
- એક સમયે માત્ર એક જ કામ કરવાનું રાખો.
- જીવનમાં જેટલો મોટો સંઘર્ષ હોય જીત એટલી જ શાનદાર હોય છે.

**ધબકાર**

જ્યારે પ્રયાસ કરવામાં આવે ત્યારે તમામ બાબતો આસાન થઈ જતી હોય છે, પણ પ્રયાસ જ કરવામાં ન આવે ત્યારે દરેક બાબત અત્યંત કપરી બની જતી હોય છે.